GJJN220001762026

| | |
|---|---|
| દાખલ તારીખ : | તા.૦૬/૦૬/૨૦૨૬. |
| નોંધ તારીખ : | તા.૦૬/૦૬/૨૦૨૬. |
| ફેંસલ તારીખ : | તા.૦૯/૦૬/૨૦૨૬. |
| અવધિ : | વર્ષ ૦૦ માસ ૦૦ દિવસ ૦૩ |

**વંથલીના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ. વંથલી.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૮૦/૨૦૨૬.**

આંક :

**રામભાઈ રાજાભાઈ ગળચર,** **– અરજદાર**
ઉ.વ.આ. ૪૨, ધંધો–શાકભાજીનો,
રહે. ઠે.ભીમનાથ રોડ, રબારી વાસ,
બાંટવા, તા.માણાવદર, જી.જુનાગઢ.
હાલ–જીલ્લા જેલ જુનાગઢ.

**વિરુધ્ધ**

**સ્ટેટ ઓફ ગુજરાત** **–સામાવાળા**

**બાબત :** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ ફઅન્વયે રેગ્યુલર જામીન મળવા બાબત.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ધારાશાસ્ત્રી
અરજદાર તરફે વિ.વકીલશ્રી આર.આર. ગળચર
શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એમ.દેવાણી

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**-:: ચુકાદો ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી સામે બાંટવા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૦૬૨૬૦૦૫૫/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૦૮(૫), ૩૦૯(૬), ૨૯૬(ખ), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબની ફરીયાદ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ નોંધાયેલ છે અને સદર ફરીયાદના કામે અરજદાર/આરોપીને તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ અટક કરી નીચેની કોર્ટમાં રીમાન્ડ અરજી સાથે રજુ કરેલાં, જે નામંજુર કરવામાં આવેલ ત્યારથી તેઓ જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને ત્યાર બાદ અરજદાર/આરોપીએ માણાવદરના જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં ફો.પ.અ.નં. ૩૯/૨૦૨૬ થી જામીન અરજી રજુ કરેલ જે નામંજુર કરવામાં આવેલ, જેથી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે અરજી રજુ કરેલ છે અને જણાવેલ છે કે, તેઓએ કોઇ ગુનો કરેલ નથી, તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. ફરીયાદી બાંટવા નગરપાલીકાના પ્રમુખ છે, અરજદારના દિકરાનું રસ્તા ઉપરના ખાડાના કારણે માલવાહક રીક્ષા પલ્ટી જતા તેની નીચે એક પગ ગોઠણ નીચેના હાડકાના અસ્થી ભાંગી ગયેલ અને બીજા પગમાં ફ્રેકચર આવેલ, જે અંગેની રજુઆત કરવા બાંટવા નગરપાલીકાના પ્રમુખને રજુઆત કરેલ હોય અને રોડ રસ્તા કાયદેસર કરવા માટે જણાવતા હાલના ફરીયાદી ઉશ્કેરાઇ જઇને અરજદારને જેમફાવે તેમ ગાળો બોલવા લાગેલ અને કહેલ કે, તારો દીકરો મરી જાય તો અમારી પાસે આવજે, અત્યારે તારાથી થાય તે કરી લે - આમ ફરીયાદીની વર્તણુંકથી હાલનો બનાવ બનવા પામેલ છે. તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે, બનાવને રાજકીય સ્વરૂપ આપી અને મોટા ગુનાનું સ્વરૂપ આપવામાં આવ્યુ છે. હાલમાં ફરીયાદી ડીસ્ચાર્જ થઇ ગયેલ હોય અને સમગ્ર બાંટવા ગામમાં હાલ શાંતીપૂર્વકનો માહોલ હોય અને ફરીયાદી આગેવાન અને નગરપાલીકાના પ્રમુખ હોય, આથી અરજદારના કામના સ્થળ શાકભાજીનો થળો છે ત્યાં તેમના પરીવાર કે તેઓને કોઇ નોટીસ આપ્યા વગર તેના ઉપર બુલડોઝર ફેરવી નાખેલ છે અને તેમના પરીવારને સતત એવી ધમકી આપે છે કે, તમે બાંટવા ગામ મુકીને જતા રહો

તમને અહી રહેવા નથી દેવા. અરજદાર/આરોપી અન્ય કોઇ ગુનામાં સંડોવાયેલ નથી, તેઓને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો તેમના પરીવારને ઘણુ બધુ આર્થીક નુકશાન થાય તેમ છે. સદર ગુનામાં તેમનો કોઇ મોટીવ હોઇ કે કોઇ પ્રીપ્લાન પ્રીપેરેશન હોય તેમજ તેને અંજામ આપવા પ્રીપ્લાન ધ્વારા કોઇ કૃત્ય કરેલ હોય તેવી એકપણ હકીકત ફરીયાદીની ફરીયાદમાં જણાય આવતી નથી. તેઓ ૪૨ વર્ષની વયના છે અને જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો રીઢા ગુનેગારોના સંપર્કથી તેમના માનસ ઉપર વિપરીત અસલ થાય તેમ છે. આ ગુનાના અન્ય આરોપી લખમણ ઉર્ફે ગોગો રાજાભાઇ ગળચરને નામ.ગુજરાત હાઇકોર્ટે (ફો.પ.અ.નં. ૧૨૪૪૩/૨૦૨૬) થી જામીન ઉપર મુકત કરેલ છે, જેથી પેરીટીના સિધ્ધાંત મુજબ તેઓને જામીન મુકત કરવા અરજ કરેલ છે. તેમની અરજીના સમર્થનમાં ગુજરાત લો રીપોર્ટર ૨૦૧૧(૩) પાના નં. ૧૯૯૯ માં રમેશભાઇ બટુકભાઇ ડાભી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદો તથા નામ.ગુજરાત હાઇકોર્ટના દિનેશભાઇ વીચ્છીયાભાઇ ગઢીયા વિરુધ્ધ્ સ્ટેટ ઓફ ગુજરાત તથા અમુલ પંડીત મોહીતે વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા ઉપર આધાર રાખેલ છે તેમજ નામ.સુપ્રીમ કોર્ટના સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઇ. રીપોર્ટેડ ઇન (૨૦૧૨) ૧ એસ.સી.સી. ૪૦ ઉપરના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. તેઓ બાંટવા મુકામે સ્થાવર જંગમ મિલ્કત ધરાવે છે, કયાંય નાશી ભાગી જાય તેમ નથી, નામ. અદાલત ફરમાવે તેવી શરતોનું તેઓ પાલન કરશે વિગેરે હકીકતો જણાવી જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૨) અરજદારની અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એમ. દેવાણી હાજર થયેલ છે તથા બાંટવા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. એચ.વી. ચુડાસમાનું સોગંદનામુ રજુ થયેલ છે જે ધ્યાને લીધું તથા પોલીસ પેપર્સ વંચાણે લીધાં તેમજ જામીન અરજીના વિરોધમાં મુળ ફરીયાદી તરફે આંક-૯ થી રજુ થયેલ વાંધા-જવાબ ધ્યાને લીધાં.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી આર.આર. ગળચરની મૌખિક દલીલ સાંભળવામાં આવી, તેઓએ તેમની દલીલમાં અરજીમાં જણાવ્યાં મુજબની હકીકતો જણાવી અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા જણાવેલ છે.

(૪) સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીએ બાંટવા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ.શ્રીએ રજુ કરેલ સોગંદનામાની હકીકત મુજબની દલીલ કરી જણાવેલ છે કે, આ કામના ફરીયાદી બાંટવા નગરપાલીકાના પ્રમુખ હોય અને આરોપી નં.૧ ના દીકરાને બાંટવા ભીમનાથ રોડ ઉપર રીક્ષા પલ્ટી મારી જતા ઇજા થયેલ હોય જે બાબતનું મનદુ:ખ રાખી આરોપી નં.૧ નાએ અગાઉ ફરીયાદીને ફોનમાં ભમુંડી ગાળો આપેલ હોય અને આરોપી નં. ૩ નાએ પાઇપ લઇફરીયાદીની ઓફીસે ગયેલ, બાદ ફરીયાદી બાંટવા શાકમાર્કેટ પાસે પોતાની મોટરસાયકલ સાઇડમાં રાખી ફોન ઉપર વાત કરતા હતા તે દરમ્યાન આરોપી નં. ૧ નાએ છરી તથા નં.ર નાએ લોખંડના પાઇપ જેવા ઘાતક હથીયારો લઇ આવી, આરોપી નં. ૧ નાએ છરી વડે ફરીયાદીને ડાબા હાથની કોણીના ભાગે તથા ડાબા પગના ઘુંટણની નીચેના ભાગે ઇજા કરી તથા આરોપી નં. ૧ નાએ પોતાના દીકરાને અકસ્માતમાં પગમાં ફ્રેકચર થતા રૂા.૬૦,૦૦૦/- નો ખર્ચ થયેલ તે પૈસાની ઉઘરાણી કરી, ફરીયાદીનો ખીસ્સો ફાડી નાખી તેમાં રહેલ રૂા.૧૨,૦૦૦/- ની લુટ કરી, આરોપી નં. ૧ થી ૩ નાઓએ ફરીયાદીને મોટરસાયકલમાંથી નીચે પછાડી આરોપી નં.૧ નાએ આરોપી નં.ર પાસેથી લોખંડનો પાઇપ લઇ તેના વડે ફરીયાદીના શરીરે આડેધડ માર મારી તથા આરોપી નં.ર તથા ૩ નાએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી, ફરીયાદીના બંને પગના ઘુંટણના ભાગે તથા બંને હાથમાં તથા શરીરે ફ્રેકચર જેવી ગંભીર ઇજાઓ કરી, આરોપી નં. ૧ તથા ર નાએ ફરીયાદી પાસે બાકીના પૈસાની પઠાણી ઉઘરાણી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ભુંડી ગાળો બોલી, એકબીજાને મદદગારી કરી, જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે, આરોપી સામે અગાઉ અન્ય ગુના નોંધાયેલ છે, સદર ગુનાની તપાસ ચાલુ છે, આરોપીની શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનામાં સંડોવણી હોય, આરોપીને સહેલાઇથી જામીન મુકત

કરવામાં આવશે તો કાયદાનો કોઈ ડર રહેશે નહી તેમજ આરોપી તથા ફરીયાદી એક જ ગામના હોય જો જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી કોઈ ગંભીર પ્રકારનો ગુનો બનવાની શકયતા નકારી શકાય તેમ નથી, તેમજ સદર ગુનાની તપાસ ચાલુ હોય, નાજુક તબકકામાં હોય અને જો જામીન મુકત કરવામાં આવશે તો યેનકેન પ્રકારે નુકશાન કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી તેમજ સાહેદોને ધાક ધમકી, પ્રલોભન આપી ફોડવાનો પ્રયાશ કરશે અને કેસને નુકશાન થાય તેમ હોય જેથી હાલની જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૫) બંને પક્ષકારોની રજુઆતો તથા રજુ થયેલ પોલીસ પેપર્સ તથા તપાસ કરનાર અમલદારનું રજુ થયેલ સોગંદનામુ વંચાણે લીધું તથા મુળ ફરીયાદી તરફે રજુ થયેલ વાંધા-જવાબ ધ્યાને લીધાં. આ કામે બાંટવા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૦૬૨૬૦૦૫૫/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૦૮(૫), ૩૦૯(૬), ૨૯૬(ખ), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબની ફરીયાદ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ નોંધાયેલ છે. ફરીયાદ હકીકત મુજબ આ કામના ફરીયાદી બાંટવા નગરપાલીકાના પ્રમુખ હોય અને હાલના અરજદાર/આરોપી નં.૧ ના દીકરાને બાંટવા ભીમનાથ રોડ ઉપર રીક્ષા પલ્ટી મારી જતા ઈજા થયેલ હોય જે બાબતનું મનદુ:ખ રાખી અરજદાર/આરોપી નં.૧ નાએ અગાઉ ફરીયાદીને ફોનમાં ભમુંડી ગાળો આપેલ હોય અને આરોપી નં. ૩ નાએ પાઈપ લઈ ફરીયાદીની ઓફીસે ગયેલ, બાદ ફરીયાદી બાંટવા શાકમાર્કેટ પાસે પોતાની મોટરસાયકલ સાઈડમાં રાખી ફોન ઉપર વાત કરતા હતા તે દરમ્યાન હાલના અરજદાર/આરોપી નં. ૧ નાએ છરી તથા નં.૨ નાએ લોખંડના પાઈપ જેવા ઘાતક હથીયારો લઈ આવી, અરજદાર/આરોપી નં. ૧ નાએ છરી વડે ફરીયાદીને ડાબા હાથની કોણીના ભાગે તથા ડાબા પગના ઘુંટણની નીચેના ભાગે ઈજા કરી તથા આરોપી નં. ૧ નાએ પોતાના દીકરાને અકસ્માતમાં પગમાં ફ્રેકચર થતા રૂા.૬૦,૦૦૦/- નો ખર્ચ થયેલ તે પૈસાની ઉઘરાણી કરી, ફરીયાદીનો ખીસ્સો ફાડી નાખી તેમાં રહેલ રૂા.૧૨,૦૦૦/- ની લુટ કરી, આરોપી નં. ૧ થી ૩ નાઓએ ફરીયાદીને મોટરસાયકલમાંથી નીચે પછાડી અરજદાર/આરોપી નં.૧ નાએ આરોપી નં.૨

પાસેથી લોખંડનો પાઇપ લઇ તેના વડે ફરીયાદીના શરીરે આડેધડ માર મારી તથા આરોપી નં.ર તથા ૩ નાએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી, ફરીયાદીના બંને પગના ઘુંટણના ભાગે તથા બંને હાથમાં તથા શરીરે ફ્રેકચર જેવી ગંભીર ઇજાઓ કરી, અરજદાર/આરોપી નં. ૧ તથા ર નાએ ફરીયાદી પાસે બાકીના પૈસાની પઠાણી ઉઘરાણી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ભુંડી ગાળો બોલી, એકબીજાને મદદગારી કરી, જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. આ કામે અરજદાર તરફે આ કામના આરોપી નં. ર નાઓને નામ.ગુજરાત હાઇકોર્ટ ધ્વારા જામીન મુકત કરેલાં હોય પેરીટી ગ્રાઉન્ડ ઉપર જામીન મુકત કરવા અરજ કરેલ છે, પરંતુ ફરીયાદ હકીકત તથા પોલીસ પેપર્સ જોતા હાલના આરોપી અને આરોપી નં.ર નો ગુનામાં રોલ જોતા અલગ અલગ જણાય આવે છે. આ કામે બાંટવા પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અમલદારે તેના સોગંદનામામાં સદર ગુનાની તપાસ ચાલુ હોવાનું જણાવેલ છે ત્યારે હાલના તબકકે આરોપીની તરફેણમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબની ન્યાયીક વિવેકબુધ્ધિની સત્તા વાપરવાનું યોગ્ય અને ન્યાયી જણાય આવતુ ન હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–:: હુ ક મ ::–</u>

(૧) આ કામના અરજદાર/આરોપી **રામાભાઇ રાજાભાઇ ગળચર,** રહે. બાંટવા, તા.માણાવદર, જી.જુનાગઢ નાઓની બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી આથી **નામંજુર યાને રદ** કરવામાં આવે છે.

હુકમ આજ તા.૯મી, માહે–જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

વંથલી.

તા.૦૯/૦૬/૨૦૨૬.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**